# પ્રોજેક્ટ માટે નાણાં નથી અને મનપા તિરંગાયાત્રા માટે દોઢ કરોડનો ધુમાડો કરશે

**દોઢ કિ.મી.ના** રૂટ પર વિશાળ તિરંગો, રોશની, સ્ટેજ સહિતનો ભપકો કરાશે

**તિરંગા** યાત્રામાં મળતીયા એજન્સીઓને લાખોનાં કામો બારોબાર આપી દેવાતા કચવાટ

સુરતઃ એક બાજુ સુરત મહાનગરપાલિકાને નાણાંના અભાવે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટો પુર્ણ કરવા માટે ફાંફાં પડી રહ્યા છે. સરકારની ગ્રાંટની રાહ જોવામાં આવતી હોય છે તો બીજી બાજુ મનપા તિરંગાયાત્રા કાર્યક્રમ માટે કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે. આગામી સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે સુરતમાં ''હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા'': સ્વતંત્રતા કા ઉત્સવ સ્વચ્છતા કે સંગ કાર્યક્રમના ભાગરૂપે 10 ઓગસ્ટે ડુમસ રોડ પર વાય જંક્શનથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી 1.8 કિ.મી ના રૂટ પર તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં મુખ્ય સ્ટેજ, 12 સાંસ્કૃતિક સ્ટેજ, મીડિયા સ્ટેજ, બેરિકેડિંગ, સાઉન્ડ સિસ્ટમ, ગ્રીન રૂમ, કેમિકલ ટોયલેટ, ડીજે સેટ, વીડિયોગ્રાફી, ફોટોગ્રાફી, સાઇનેજ, બોર્ડ-બેનર અને અન્ય આનુષાંગિક કામગીરીનું આયોજન કરવામાં આવ્યું છે. કુલ 40 બ્લોકમાં વિવિધ રાજ્યોના સાંસ્કૃતિક કાર્યક્રમોનું પ્રદર્શન થશે, જે માટે 92 લાખનો ખર્ચ કરાશે.

આ રૂટ પર 10 ઓગસ્ટથી 15 ઓગસ્ટ સુધી દિવાળી જેવો માહોલ કરવા માટે 6 દિવસ રોશની કરવાનું આયોજન કરાયું છે. જેના માટે રૂા. 57.81 લાખના ખર્ચને સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિમાં મંજુરી આપી છે. તિરંગાયાત્રા માટે મનપા દ્વારા કુલ રૂા. 1.5 કરોડનો ખર્ચ થશે.

### ગજબની ગોઠવણ : રોશનીના 58 લાખના કામ માટે, મનપાની પેનલનો નૈનૈયો માનીતાને ટેન્ડર વગર કામ અપાયું

સુરત મનપા દ્વારા કોઇ ઉજવણી કે તહેવારો વખતે શહેરમાં રોશની કરવાની થાય તો ટેન્ડર પ્રક્રિયામાં સમય ના બગડે તે માટે યુનિટ રેઇટ નક્કી કરી દેવાયા છે. આ ભાવે કામ કરવા તૈયાર છ ઇજારદાર એજન્સીઓએ સહમતિ આપી હોવાથી તેની અમ્પેનલ્ડ બનાવાઇ છે. જો કે આશ્ચર્ય એ વાતનું છે કે, જ્યારે મનપાને આવા કોઇ આયોજન કરવાના થાય છે જ્યાં લાખો રૂપિયાનો ફાયદો લેવાનો હોવા છતાં પણ યુનિટ રેટમાં સમાવિષ્ટ એજન્સીઓ કામ કરવા માટે તૈયાર થતી નથી અને બહારની અજન્સીને કોઇ ટેન્ડર વગર ઓફર મંગાવી કામ આપી દેવાય છે. આ વખતે પણ તિરંગા યાત્રા અને સ્વાતંત્રય પર્વની ઉજવણી માટે દોઢ કિમીના રૂટ પર છ દિવસ સુધી રોશની કરવા માટે 57.81 લાખનું કામ કરવા યુનિટ રેટની એજન્સીઓ તૈયાર નથી તેવું કારણ આપી સ્થાયી સમિતિએ મોન્ટુ ઇલેક્ટ્રિક વર્કસ નામની એજન્સીને કામ આપી દેવાનો ઠરાવ થયો છે. આજ એજન્સીએ અગાઉ પણ આવી રીતે કામ મેળવ્યું હોય, એવી ચર્ચા છે કે સંચાલકો ભાજપના વગદાર મંત્રીના નજીક હોવાથી એજન્સીઓ કામ કરવા તૈયાર ના થાય તેવી ગોઠવણ કરવામાં આવે છે. અને આ એજન્સી યુનિટ રેઇટ કરતા સામાન્ય ભાવ ઘટાડા સાથે સીધું જ કામ મેળવી લે છે.

### ધ્વજ લગાવવા માટે બજારમાં 5 રૂપિયામાં મળતી લાકડી મનપા 8.20 પૈસામાં ખરીદશે

સુરત મનપા દ્વારા શહેરમાં ત્રણ લાખથી વધુ તિરંગાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જો કે આ તિરંગા રાજ્ય સરકાર દ્વારા મોકલાયા છે. પરંતુ તિરંગા લગાવવા માટેની લાકડી મનપા પોતાના ખર્ચે વિતરણ કરી રહી છે. આજે સ્થાયી સમિતિમાં 3 ફુટની લંબાઇ ધરાવતી લાકડી માટે 8.20 રૂપિયાના ભાવ નક્કી કરી 3.50 લાખ લાકડી 28.10 લાખના ખર્ચે ખરીદવા નિર્ણય લેવાયો છે. જોકે, હકીકતમાં આ લાકડી ખુલ્લા બજારમાં માત્ર ચાર થી પાંચ રૂપિયામાં જ મળે છે.

### જન્મોત્સવ માટે લાલજીની ખરીદી

આગામી દિવસોમાં આવી રહેલી જન્માષ્ટમીની અસર બજારમાં અત્યારથી જ જોવા મળી રહી છે. આ દિવસે દરેક વૈષ્ણવોના ઘરમાં લાલજીનો જન્મોત્સવ ઉજવાતો હોવાથી તેમજ તેમને ઝૂલામાં ઝૂલાવાતા હોવાથી તેમના બાળસ્વરૂપની મૂર્તિની ખરીદી બજારમાં જોવા મળી રહી છે.

- તસવીર : સતીષ જાદવ

# ઉમરવાડાની કરોડો રૂપિયાની જમીન પચાવી પાડવા મુદ્દે છગન મેવાડા સહિત બે વિરુદ્ધ ફરિયાદ

**શ્રી કુબેરજી** એન્ટરપ્રાઈઝના ભાગીદારની પોલીસમાં ધા, મેવાડા પાર્કિંગ ઊભું કરી દુકાનો બનાવી દઈ ભાડે આપી ગેરકાયદે પૈસા પણ ઉઘરાવતો હતો

સુરતઃ શહેરના પુણા કુંભારિયામાં રહેતા માથાભારે તરીકે છાપ ધરાવતા છગન મેવાડા અને તેના સાગરીતે ઉમરવાડા રેવન્યુ સરવે નંબર 36વાળી 11209 ચોરસ મીટર શ્રી કુબેરજી એન્ટરપ્રાઈઝની કરોડો રૂપિયાની જમીન પચાવી પાડવા માટે ગેરકાયદે કબજો જમાવી દેવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જમીન પર મેવાડા પાર્કિંગ ઉભું કરી દુકાનો બનાવી ભાડે આપી ગેરકાયદે પૈસા પણ ઉઘરાવતો હતો. જમીનના માલિકે કબજો ખાલી કરવાનું કહેતા તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.ભટાર શ્રી શ્યામ આવાસમાં રહેતા 32 વર્ષીય હેમંતભાઈ નરેશભાઈ અગ્રવાલ તેમના પિતા સાથે કન્ટ્રક્શનનો વ્યવસાય સંભાળે છે. ગત 7મીએ હેમંતભાઈએ પુણા પોલીસમાં છગનલાલ દોલતરામ મેવાડા (રહે. ધર્મેન્દ્ર કોમ્પ્લેક્સ પુણા કુંભારિયા) અને મોસીફ હુસેનભાઇ કાપડિયા (રહે. ઝારાવાળા ટેકરા બેગમપુરા) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ઉમરવાડા રેવન્યુ સરવે નંબર 36વાળી 11209 ચો.મી. જમીન વર્ષ 1928થી ઝારાવાડ, બેગમપુરા, સુરત ખાતે મસ્જિદ ટ્રસ્ટના નામે નોંધાયેલી હતી, જે 1950ના મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ હેઠળ નોંધાયેલી છે. આ જમીન ગણોતના આધારે સોમા રામાને ખેતી માટે આપવામાં આવી હતી અને તેમના અવસાન બાદ તેમના વારસદારોને ગણોતના હક્કો મળ્યા હતા. વર્ષ 1957માં ગણોત અધિનિયમ હેઠળ "ડીમ્ડ પરચેઝ"ની જોગવાઈઓને કારણે કલ્યાણભાઈ જીણાભાઈને આ જમીનની માલિકી મળી હતી. 1969માં દેવસ્થાન ઈનામ નાબૂદી ધારા હેઠળ ટ્રસ્ટના તમામ હક્કો નાબૂદ કરાયા અને આ જમીન કલ્યાણભાઈના નામે નોંધાઈ હતી.

આ જમીન 1978માં ધનુબેન કલ્યાણભાઈને નવી શરતની જમીન તરીકે પ્રાપ્ત થઈ અને તેમના અવસાન બાદ તેમના વારસદારો ચીમનભાઈ કલ્યાણદાસ સહિત અન્યોને મળી હતી. 2013માં આ જમીન બિનખેતી (રહેણાંક) હેતુ માટે હેતુફેર કરવામાં આવી અને ત્યારબાદ શ્રીકુબેરજી એન્ટરપ્રાઈઝની ભાગીદારી પેઢીએ આ જમીન રૂ. 8,34,59,600ના મૂલ્યે ખરીદી હતી, જેનો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ 16/12/2016ના રોજ નોંધાયો હતો. શ્રીકુબેરજી એન્ટરપ્રાઈઝના ભાગીદાર હેમંતભાઈ નરેશભાઈ અગ્રવાલે વધુમાં જણાવ્યું હતું કે ઝારાવાડ મુલ્તાની પંચ મસ્જિદ/કબ્રસ્તાન ટ્રસ્ટના ટ્રસ્ટી મહમદ સુફી હુસેનભાઈ કાપડીયા અને છગનલાલ દોલતરામ મેવાડાએ બનાવટી દસ્તાવેજોના આધારે આ જમીન પર ગેરકાયદે કબજો કર્યો છે. આરોપીઓએ જમીન પર પાર્કિંગ અને દુકાનો બનાવી ભાડે આપી, ગેરકાયદે નાણાંની ઉઘરાણી કરતા આવ્યા છે. આ મામલે પુણા પોલીસે છગનલાલ મેવાડા અને હુસેન કાપડિયા વિરુદ્ધ લેન્ડ ગ્રેબ્રિંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કબજો ખાલી કરવા 10 કરોડ માંગતા ફરિયાદીના પિતાએ આપઘાતની કોશિશ કરી હતી

હેમંતભાઈએ જણાવ્યું કે આરોપીઓએ તેમને અને તેમના પિતા નરેશભાઈ અગ્રવાલ પાસે રૂ. 10 કરોડની માંગણી કરી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. આ ગંભીર માનસિક ત્રાસના કારણે તેમના પિતા નરેશભાઈએ 29/09/2023ના રોજ વધુ પડતી ગોળીઓ ખાઈ લીધી હતી અને તેમણે ઓડિયો-વિડિયોમાં આરોપીઓના ત્રાસને આ આત્મહત્યાના પ્રયાસનું કારણ ગણાવ્યું હતું. આ ઘટના સંદર્ભે સારોલી પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ નંબર 21/2023 (તા. 05/10/2023) નોંધાઈ હતી.

### મેવાડાએ ૨૦૧૧માં પણ જમીન માટે પુણા પોલીસ મથક પર હુમલો કરાવ્યો હતો

સુરત શહેરના સારોલી વિસ્તારમાં પણ છગન મેવાડા દ્વારા વર્ષ ૨૦૧૧માં એક કરોડ રૂપિયાની જમીન પર ગેરકાયદે કબજો જમાવવામાં આવ્યો હતો. જે તે સમયે તેણે પુણા પોલીસ મથકમાં પીઆઈને આ જમીનમાં સેટલમેન્ટ કરવા માટે દબાણ ઊભું કર્યું હતું. પરંતુ પીઆઇએ છગન મેવાડાને સેટલમેન્ટની ના પાડી દીધા બાદ તેને ધુત્કારી પોલીસ સ્ટેશનમાંથી હાંકી કાઢ્યો હતો. જેથી છગન મેવાડા રાત્રે ૧૧:૦૦ વાગ્યાના અરસામાં ૧૫૦થી વધુ લોકોનું ટોળું લઈને પુણા પોલીસ મથકમાં ઘૂસી ગયો હતો અને પોલીસ પર હુમલો કર્યો હતો.

# એક ભારત, શ્રેષ્ઠ ભારતના સંદેશ સાથે યાત્રામાં 50 હજારથી વધુ લોકો જોડાશે

સુરત : સ્વતંત્રતા દિવસ-2025ની પૂર્વસંધ્યાએ આયોજિત ભવ્ય તિરંગા યાત્રા માત્ર શાસકીય કાર્યક્રમ નહિ, પણ સમગ્ર શહેર માટે એક ઉન્માદભર્યા ઉત્સવરૂપ બની રહેશે. 10 ઓગસ્ટ રવિવારે સાંજે 6 વાગ્યે સુરત-ડુમસ રોડના વાય જંક્શનથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી યોજાનારી આ યાત્રા દેશભક્તિ, સાંસ્કૃતિક એકતા અને સામૂહિક સહભાગિતાનો અદભુત દેખાવ રજૂ કરશે. આ તિરંગા યાત્રામાં માત્ર સુરતવાસીઓ નહીં, પરંતુ અનેક રાજ્યોના અને વિવિધ ધર્મોના પ્રતિનિધિઓ ભાગ લેશે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત અને મનપા કમિશનર શાલિની અગ્રવાલે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે 50,000 જેટલા લોકો યાત્રામાં જોડાવાની શક્યતા છે. 1.8 થી 2 કિમી લાંબા રૂટ પર 12 સંસ્કૃતિક સ્ટેજ, 20 બેન્ડ, ટેબ્લો અને માર્શલ દ્વારા દોઢ કિમી લાંબો તિરંગો યાત્રાનું આકર્ષણ રહેશે. આ યાત્રા "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ના વિચારને ઉજાગર કરશે. અલગ અલગ રાજ્યોના નૃત્યો અને લોકકળા યાત્રામાં સાક્ષાત થશે. દેશભક્તિના ગીતો અને લાઈવ પરફોર્મન્સ યાત્રાને ઉત્સવમાં પરિવર્તિત કરશે. ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનોમાં ઉત્સાહ જોવા મળશે. પ્રારંભિક લક્ષ્યાંક 10,000 લોકોનો હતો જે હવે વધારીને નવો લક્ષ્યાંક 50,000થી વધુ સહભાગીઓનો છે.

# સાર્વજનિક સ્કૂલ ઓફ ફાઇન આર્ટ્સના બે વિદ્યાર્થીએ યુકેમાં પોતાની કલા રજૂ કરી

**વિદ્યાર્થી** નિત્યમ ઝવેરી અને માનવ સુમરાએ ફોટોગ્રાફી અને ગાર્ડન ડિઝાઈન વર્કશોપ દરમિયાન પોતાના આર્ટવર્કસ તૈયાર કર્યા હતા

સુરતઃ સુરતની સાર્વજનિક સ્કૂલ ઓફ ફાઈન આર્ટ્સના બે વિદ્યાર્થીઓને ઇંગ્લેન્ડમાં વિશ્વભરના કલાપ્રેમીઓ સમક્ષ પોતાના આર્ટવર્ક્સ રજૂ કરવાનો મોકો મળ્યો હતો.

સાર્વજનિક સ્કૂલ ઓફ ફાઇન આર્ટ્સ, IDPT-SCET, સાર્વજનિક યુનિવર્સિટી, સુરત અને લંડન સ્થિત Something Useful Project, UK વચ્ચેના સહયોગ હેઠળ એક આંતરરાષ્ટ્રીય સ્તરે દૃશ્યકળાને પ્રોત્સાહન આપતો ભારત યુકે રેસિડન્સી વર્કશોપ 2025ના જાન્યુઆરીથી માર્ચ દરમિયાન IDPT-SCET ખાતે યોજાયો હતો. વર્કશોપમાં 85થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને અનોખાં આર્ટવર્ક્સ તૈયાર કર્યા હતા. આ કૃતિઓનું પ્રદર્શન માર્ચ 2025માં તેમની પોતાની કોલેજમાં યોજાયું હતું. જેમાં પસંદ થયેલા બે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ નિત્યમ ઝવેરી (ફાઇન આર્ટ્સ), માનવ સુમરા (આર્કિટેક્ચર)એ કોલેજ તરફથી યુકેમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય કલા પ્રદર્શનોમાં પ્રતિનિધિત્વ કર્યું હતું. બંને વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીઓએ ફોટોગ્રાફી અને ગાર્ડન ડિઝાઇન વર્કશોપ દરમિયાન તૈયાર કરેલા આર્ટવર્ક્સ લંડન અને મેન્ચેસ્ટર જેવા યુકેના આગવા આર્ટ સ્થાનો પર તા.23મી જુલાઈથી તા.25મી જુલાઈ દરમિયાન વૈશ્વિક દર્શકો સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. આ બંને પ્રદર્શનોમાં 250 થી વધુ કલાકારો અને કળારસિકોએ મુલાકાત લીધી હતી. લંડનના પ્રદર્શનમાં ખાસ નોંધપાત્ર વાત એ રહી હતી કે ફાઇન આર્ટ્સના વિદ્યાર્થી નિત્યમ ઝવેરીને ફરી એકવાર લંડન, યુકેમાં પોતાના આર્ટવર્કનું પ્રદર્શન કરવાની બીજી તક પ્રાપ્ત થઈ હતી-જે સંસ્થાની પ્રતિભાને માન્યતા આપતી મહત્વની સિદ્ધિ બની હતી. પ્રિન્સિપાલ પ્રોફેસર પર્સી ઇન્જિનિયર સાહેબે જણાવ્યું હતું કે, 'આ રેસિડન્સી કાર્યક્રમ એ સૌંદર્યશાસ્ત્ર અને અનુભૂતિનું જીવંત ઉદાહરણ છે'.

**સુરતના સરસાણાના પ્લેટિનમ હોલ ખાતે ચેમ્બર દ્વારા ઇન્કમટેક્સ કોન્કલેવ યોજાઇ**

# 35 વર્ષ પહેલાં રિટર્ન ફાઈલિંગનો આંક 40 લાખ હતો, હવે તે 9 કરોડને પાર કરી ગયોઃ સતીષ શર્મા

**35 વર્ષમાં** પ્રોજેક્ટેડ ટેક્સ કલેક્શન 10,000 કરોડમાંથી વધીને 2.25 લાખ કરોડ સુધી પહોંચી ગયું: પ્રિન્સિપલ ચીફ કમિશનર ઓફ ઇન્કમટેક્સ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ એન્ડ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે શુક્રવારે સુરતના સરસાણાના પ્લેટિનમ હોલ ખાતે 'ઇન્કમટેક્સ કોન્કલેવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કોન્કલેવને સંબોધતા ગુજરાતના પ્રિન્સિપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમટેક્સ સતીષ શર્મા (IRS) એ કહ્યું હતું કે, ઈન્કમટેક્સ વિભાગના પ્રોજેક્ટ ટેક્સ કલેક્શનમાં છેલ્લાં 35 વર્ષમાં અભૂતપૂર્વ વૃદ્ધિ નોંધાઈ છે. વિભાગનું પ્રોજેક્ટેડ ટેક્સ કલેક્શન તે સમયના રૂપિયા 10,000 કરોડમાંથી વધીને હાલ રૂ.2.25 લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. આ સફળતામાં માત્ર વિભાગનો નહીં પરંતુ તેમાં વ્યાવસાયિકો, કરદાતાઓ અને ઉદ્યોગ જગતનો મહત્ત્વપૂર્ણ ફાળો છે અને આ વૃદ્ધિ સમાજની સર્વાંગી વિકાસની નિશાની છે.

વધુમાં આંકડાકીય માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, ઈન્કમટેક્સ વિભાગ દ્વારા કેપ્ચર કરાયેલા ટ્રાન્ઝેક્શનમાં સેલેરી સંબંધિત રૂ.42 લાખ કરોડ, સેવિંગ બેંક ઈન્ટરેસ્ટ રૂ.1 લાખ 40 હજાર કરોડ, ફિક્સ્ડ ડિપોઝિટ ઈન્ટરેસ્ટ રૂપિયા 8 લાખ 50 હજાર કરોડ અને રેન્ટ ઈન્ટરેસ્ટ રૂપિયા 5 લાખ 50 હજાર કરોડનો સમાવેશ થાય છે. વિભાગના મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજિકલ પ્રોજેક્ટ્સમાં ડેટા વેરહાઉસ અને બિઝનેસ ઈન્ટેલિજન્સનો સમાવેશ થાય છે, જેના માધ્યમથી લગભગ રૂ.600 લાખ કરોડનાં ટ્રાન્ઝેક્શન ડેટા કેપ્ચર કરાયા છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજે પણ ભારતનું ટેક્સ માળખું એક યોજના કરતાં વધુ એક કોયડો જેવું લાગે છે. 90 ટકાથી વધુ વિવાદો અર્થઘટનના મુદ્દાથી ઉદ્ભવે છે. જો આપણે લોકોને પાલન કરાવવા માંગીએ છીએ તો આપણે પહેલા તેમને સમજવામાં મદદ કરવી પડશે.

# ડભોલીમાં માતા સાથે પગપાળા જઈ રહેલા પુત્રનું બાઈકની ટક્કરે મોત

સુરત : ડભોલી ગામમાં આવેલી ઘનશ્યામ સોસાયટીમાં રહેતા 32 વર્ષીય ગોવિંદ અમરતભાઈ રાઠોડ માતા સહિતના પરિવાર સાથે રહેતો હતો. ગોવિંદને અન્ય એક ભાઈ છે. ગોવિંદની માતા અન્ય ઘરોમાં ઘરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો ભાઈ વડાપાવની લારી ચલાવે છે. ગોવિંદ છેલ્લા ઘણા સમયથી લકવાની બીમારીથી પીડાતો હતો. જેથી તે કોઈ કામ ધંધો કરી શકતો ન હતો. જોકે ગુરુવારે સાંજે ગોવિંદ માતા સાથે ચાલતા-ચાલતા સાયણ ખાતે રહેતા સંબંધીને ત્યાં જતા હતા. દરમિયાન ડભોલી ચાર રસ્તા પાસેથી પસાર થતા હતા. તે સમયે બાઈક ચાલકે ગોવિંદને ટક્કર મારતા ગંભીર પહોંચી હતી. જેથી તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ગોવિંદનું મોડી રાત્રે મોત નિપજ્યું હતું. આ અંગે વધુ તપાસ સિંગણપોર પોલીસ કરી રહી છે.

# ઘોડદોડ રોડના બિલ્ડર પાસેથી RTI એક્ટિવિસ્ટે ૧૧ લાખ રૂપિયા પડાવ્યા

**RTIના** નામે તોડબાજી કરતાં કમલેશ પટેલે બિલ્ડરની પત્ની અને એન્જિનિયરોને પણ ધમકી આપી હતી

સુરતઃ લાલ દરવાજા વિસ્તારમાં નિર્માણાધીન બાંધકામને લઈને આરટીઆઈ કરી બિલ્ડરને બાંધકામ તોડવાની ધમકી આપતો અને બળજબરીથી ૧૧ લાખ રૂપિયાની વસુલાતનો કિસ્સો સામે આવ્યો છે. આરોપી આરટીઆઈ એક્ટીવિસ્ટ કમલેશ પટેલે માર્ચ ૨૦૨૪થી બિલ્ડરને અને તેની પત્નીને ધમકી ભર્યા મેસેજ મોકલી બળજબરીથી નાણાં પડાવી લીધા હતા. ઘટના સંદર્ભે આરટીઆઈ એક્ટીવિસ્ટ વિરુદ્ધ મહીધરપુરા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઘોડદોડ રોડ પર નર્મદ લાયબ્રેરી નજીક ચૈતન્ય વિલાસમાં રહેતા બિલ્ડર સુનીલ જયંતિલાલ શાહને RTI એક્ટિવિસ્ટ દ્વારા દબાણ કરીને મોટી રકમ પડાવ્યાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે.જેમાં માર્ચ-૨૦૨૪ દરમ્યાન સુનીલ શાહ લાલ દરવાજા વિસ્તારમાં આવેલ સિટી સર્વે નં. ટી.પી. ૩૨, વોર્ડ નં.૭, નોંધ નં. ૨/૪૩૦ તથા ઘોડદોડ રોડ યુનિયન સ્ક્વેર ખાતે તેમના ચોથા માળે આવેલા ઓફિસમાં મિલ્કત માટે RTI એક્ટિવિસ્ટ કમલેશ ઈશ્વર પટેલ (રહે. રતિપાર્ક એપાર્ટમેન્ટ)આવ્યો હતો.તેને નિર્માણ કાર્યમાં કથિત ખામીઓ દર્શાવી આરટીઆઈ દ્વારા માહિતી માંગવાની કાર્યવાહીઓ શરૂ કરી હતી જેને આધારે બિલ્ડર ઉપર દબાણ લાવવાનું ષડયંત્ર રચી ધમકીભર્યા રીતે અલગ-અલગ સમયમાં મળી કુલ રૂ. ૧૧ લાખની રકમ પડાવી લીધી હતી. વિશેષ વાત એ છે કે કમલેશ પટેલે બાંધકામ સાઈટ પર હાજર એન્જિનિયરોને પણ ધમકાવવાનો પ્રયાસ કર્યો હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે.બનાવ અંગે મહિધરપુરા પોલીસે બિલ્ડરની ફરિયાદના આધારે RTI એક્ટિવિસ્ટ કમલેશ ઈશ્વર પટેલ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પે એન્ડ પાર્કના ઇજારદારો મશીનમાં ચેડાં કરીને બાઈકની ડબલ ફી વસૂલતા હોવાની બૂમ

**ચોટા બજારમાં** ખરીદી માટે આવતી મહિલાઓ પાસેથી પાર્કિંગના નામે ઉઘાડી લૂંટ : મનપાનું તંત્ર દોડતું થયું

સુરત : શહેરમાં પે એન્ડ પાર્કના નામે વાહનચાલકોની ઉઘાડી લૂંટ શરૂ થઈ હોવાની ગંભીર ફરિયાદો સામે આવી છે. પાલિકાએ બાઈક માટે નક્કી કરેલી રૂપિયા 10ની ફી હોવા છતાં, કોન્ટ્રાક્ટરો રસીદ મશીનમાં ચેડા કરીને ડબલ એટલે કે રૂપિયા 20 સુધીની ફી વસૂલતા હોવાની વિગતો બહાર આવી છે. ખાસ કરીને સેન્ટ્રલ ઝોનના ચૌટા બજાર વિસ્તારમાં આવી ઘટનાની પૃષ્ટિ થઇ છે, જ્યાં મહિલાઓ અને સ્થાનિક ખરીદદારો મોટા પાયે પાર્કિંગનો ઉપયોગ કરે છે.

પાલિકાએ અહીં પે એન્ડ પાર્કનો કોન્ટ્રાક્ટ 'શ્રી કુબેરજી' નામની સંસ્થાને આપ્યો છે. પરંતુ આ સંસ્થાના કોન્ટ્રાક્ટર દ્વારા રસીદ મશીનમાં ગેરકાયદે ફેરફાર કરીને નકલી રસીદો આપવામાં આવતી હોવાનો આરોપ છે. પાલિકા તરફથી ઘોષિત નિયમો અનુસાર, બાઇક માટે પહેલા ત્રણ કલાક સુધી માત્ર 10 જ વસૂલવા પડે. પણ અહીં 20 સુધી વસૂલતા હોવાની વિગતોથી અધિકારીઓ ચોંકી ગયા છે. ફરિયાદ મળતાં જ પાલિકા તંત્રએ તાત્કાલિક તપાસ શરૂ કરી છે. અધિકારીઓએ સ્પષ્ટ કહ્યું છે કે રૂપિયા 20 દર્શાવતી રસીદ ખોટી છે. કોન્ટ્રાક્ટરને બોલાવી કડક કાર્યવાહી હાથ ધરાશે. ઉપરાંત પાલિકાની શરતો મુજબ દરેક પે એન્ડ પાર્ક સ્થળે પાર્કિંગ ફી દર્શાવતા બોર્ડ લગાવવા ફરજિયાત છે, પરંતુ મોટાભાગે કોન્ટ્રાક્ટરો આવા બોર્ડ લગાવતા નથી, જેથી લોકો સાથે છેતરપિંડી શક્ય બને છે.

## સંક્ષિપ્ત સમાચાર

### KSKP માધ્યમિક, ઉ.મા. વિદ્યાર્થિની અંકિતા સોઢાપરમાર લોન ટેનિસમાં જિલ્લા કક્ષાએ તૃતીય ક્રમે

સુરતઃ શ્રી ઉત્તર ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, ભટાર સંચાલિત કે.એસ. કે.પી. માધ્યમિક અને ઉચ્ચ. મા. વિદ્યાલયની વિદ્યાર્થિની ધો. 11ની અંકિતા દિનેશસિંહ સોઢાપરમાર U-17 બહેનોમાં SGFI-2025માં લોન ટેનિસ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ તૃતિય ક્રમ સાથે વિજેતા થઈ રાજ્ય કક્ષાએ પસંદગી પામી હતી. જેનું આયોજન ભગવાન મહાવીર કોલેજ ખાતે થયેલ હતું. એમની આ ઉજ્જવળ સિદ્ધી બદલ શાળાના પ્રમુખ પી. બી.પટેલ, મંત્રી ચેલાભાઈ એસ.પટેલ, શિ.સ. કન્વીનર આર. સી. પટેલ અને સમગ્ર ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તથા આચાર્યા રેશ્મા પટેલ, શિક્ષકગણ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

### પાર્વતીબેન દેસાઈ વિદ્યાકુંજ પૂર્વ પ્રાથમિક અંગ્રેજી માધ્યમમાં રક્ષાબંધનની ઉજવણી

સુરતઃ વનિતા વિશ્રામ શ્રીમતી પાર્વતીબેન દેસાઈ વિદ્યાકુંજ પુર્વ પ્રાથમિક વિભાગ અંગ્રેજી માધ્યમમાં રક્ષાબંધનની ઊજવણી કરવામાં આવી હતી. આચાર્યા શ્રીમતી જયાતિકા રામનાની અને શિક્ષિકાઓની મદદથી રક્ષાબંધનની ઊજવણી ઊત્સાહથી કરવામાં આવી હતી. નાના- નાના ભુલકાઓ દ્વારા ડાન્સ રજૂ કરી, શાળાની દિકરીઓના ભાઈઓને આમંત્રણ આપી બાળકોને રક્ષાબંધનના તહેવાર વિશે જાણકારી આપવાની સાથે ઉજવણી કરવામાં આવી હતી.

### શ્રી કરુણા સંસ્થા દ્વારા જેલમાં ફરજ બજાવતા કર્મીઓ સાથે રક્ષાબંધનની ઉજવણી કરાઈ

સુરતઃ સુરતના જૈન શક્તિ ગ્રુપ અને કરુણા ચંદ્ર અશોક સોમ સંસ્થા દ્વારા એવા પોલીસ કર્મીઓ અને જેલ સ્ટાફ માટે રક્ષાબંધનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સંસ્થાનાં ધર્મેન્દ્રભાઈ પી. સંઘવીના માર્ગદર્શન હેઠળ સંસ્થાની બહેનો જૈન શક્તિની દીકરીઓ સાથે મળીને જેલમાં ફરજ બજાવતા જેલર, પોલીસ કર્મી, સિપાઈ તથા બંદીઓના હાથ પર રક્ષાસૂત્ર બાંધ્યું અને મીઠાઈ પણ વહેંચી. રક્ષાબંધનના દિવસે આ અનોખી ઉજવણીથી પોલીસ કર્મીઓને પરિવાર જેવી લાગણી અનુભવી હતી.

### ભવ્યા શાહે માસક્ષમણ તપની ઉગ્ર તપસ્યા પૂર્ણ કરી

સુરતઃ ગચ્છાધિપતિ અભયદેવ સુરિશ્વરજી મહારાજ સાહેબના આશીર્વાદ, પંન્યાસ જિનપ્રેમવિજયજી મહારાજની પાવન નિશ્રા, હર્ષકાંતાશ્રીજી મહારાજ સાહેબના આશિષ તથા દેવ, ગુરુ, ધર્મ અને શાસન દેવની કૃપાથી, મૂળ વતન ખીંમત અને હાલ સુરત નિવાસી અર્ચનાબેન તથા સમીર શાહની 22 વર્ષીય પુત્રી ચિ. ભવ્યાએ સળંગ ત્રીસ દિવસનો ઉપવાસ એટલે કે માસક્ષમણ તપની ઉગ્ર તપસ્યા પૂર્ણ કરી છે. જેની જિનાજ્ઞા સેવા ટ્રસ્ટ દ્વારા અનુમોદના કરવામાં આવી છે.

### સુરત જિલ્લા પેન્શનર્સ એસો.ના સભ્યો જોગ

સુરતઃ સુરત જિલ્લા પેન્શનર્સ એસોસિએશનના સભ્યો પોતાના પીપીઓ બુકની નકલ, આધારકાર્ડ, ફોટો અને આઠમા પગારપંચ માટેનો લડતફાળો પેન્શનર્સ ઓફિસમાં જમા કરાવી દે. હાલમાં નવી ડિરેક્ટરી બને છે. સાથે તમોને અત્રેથી એક ગિફ્ટ પણ આપવામાં આવશે.

### સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલની 32મી વાર્ષિક સાધારણ સભા યોજાઇ